આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૮-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# પ્રધાનમંત્રી-ગ્લોબલ સાઉથ વર્ચ્યુલ સમિટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત વતી સંયુક્ત વૈશ્વિક વિકાસનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે, તેનો પાયો ભારતની વિકાસ યાત્રા અને વિકાસ ભાગીદારીના અનુભવ પર આધારિત હશે. તેમણે ગઈકાલે ત્રીજી ગ્લોબલ સાઉથ વર્ચ્યુઅલ સમિટના સમાપન ભાષણમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, આ ચર્ચાએ સાથે મળીને આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ચર્ચા વૈશ્વિક દક્ષિણ રાષ્ટ્રો દ્વારા નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરવાના પ્રયાસોને વેગ આપશે.

અગાઉ, પ્રધાનમંત્રીએ ગ્લોબલ સાઉથના રાષ્ટ્રોને એકબીજાની તાકાત બનવા માટે એકજૂથ થવાનું આહ્વાન કર્યું હતું. તેમણે અનિશ્ચિતતા અને પડકારોના વર્તમાન વૈશ્વિક વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

**(RNU અમદાવાદ)**

---

# તબીબોની હડતાળ

કોલકત્તામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં ગઈકાલે સમગ્ર દેશ તેમજ રાજ્યમાં તબીબો હડતાળ પર ઊતર્યા હતા.

આ ઘટનાના વિરોધનો પડઘો કચ્છ સુધી પહોંચ્યો છે. ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે છ વાગ્યા સુધીના 24 કલાક સુધી આઈએમએ ભુજ સાથે જોડાયેલા કચ્છના તમામ તબીબો આપાતકાલીન સિવાયની આરોગ્ય સેવાઓથી દૂર રહ્યા હતા. જીલ્લા મથક ભુજમાં કલેકટર કચેરી ખાતે વિવિધ પ્રકારના તબીબી

મંડળના પ્રતિનિધિઓએ આવેદનપત્ર આપી આ ઘટનાના કસુરવારોને કડકમાં કડક સજા થાય અને તબીબો પર ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન બને એ માટે ખાસ કાયદો ઘડી તેનો અમલ કરાય તેવી માંગણી કરાઈ હતી.

આ આવેદનપત્ર સમયે આઇએમએ, હોમીઓપેથી, ફિજીયો, ડેન્ટલ વગેરે મેડિકલ ડોકટર્સ એસોસિએશનના પ્રતિનિધિઓ, ખાનગી હોસ્પિટલના પ્રતિનિધિઓ સહિત 500થી વધુ તબીબો જોડાયા હતા.

આ ઉપરાંત  માંડવી, અંજાર, રાપર સહિતના શહેરોમાં પણ તબીબોએ રેલી યોજી તંત્રને આવેદનપત્રો આપ્યા હતા.

**(અશરફ નથવાણી)**

---

## કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે, ડોકટરો અને આરોગ્ય વ્યવસાયિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરવાની ખાતરી આપી છે.

મંત્રાલયે કહ્યું કે, આરોગ્ય વ્યવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા પગલાં સૂચવવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. મંત્રાલયે કલકતાની આર.જી.કાર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર કથિત સામૂહિક દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં સુરક્ષાની માંગણી સાથે હડતાળ પર ઉતરેલા ડૉક્ટરોને કામ પર પાછા ફરવાની અપીલ કરી છે. ડેન્ગ્યુ અને મેલેરિયાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને મંત્રાલયે, આંદોલનકારી ડોકટરોને જાહેર હિતમાં તેમના કામ પર પાછા ફરવા વિનંતી કરી છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છની દરીયાઈ સીમામાંથી ડ્રગ્સના પેકેટ મળ્યા

કચ્છની દરિયાઇ સીમામાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. કુંડી બેટ પાસેથી માદક પાદર્થના બે પેકેટ મળી આવ્યા હતા. આ બે પેકેટ સફેદ રંગના કોથળામાં મૂકવામાં આવ્યા હતા.અગાઉ પણ આ વિસ્તારમાં આવા જ ડ્રગ્સના પેકેટો મળી આવ્યા હતા. આ બંને પેકેટ કબજે કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## સ્ટેમ ક્વિઝ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોલોજી વિભાગ દ્વારા યોજાતી ત્રીજી આવૃત્તિમાં આ વર્ષે દેશભરમાંથી 10 લાખથી વધુ વિદ્યાર્થીઓની વિક્રમી નોંધણી થઈ છે.

ગાંધીનગરમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારના હસ્તે ગઈકાલે સ્ટેમ ક્વિઝના પ્રશ્નોના ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે સુશ્રી ખંધારે આ સિદ્ધિ બદલ ગુજકોસ્ટને શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે આ ક્વિઝનો ઉદ્દેશ્ય શાળાના બાળકોમાં વિજ્ઞાન ટેકનોલોજી ગણિત જેવા વિષયો અંગે રુચિ નિર્માણ કરવાનો છે.

**(અશરફ નથવાણી/NP)**

---------------------------------------------------------------------------

## સરહદ ડેરી

"સરહદ ડેરી" દ્વારા અંતિમ ભાવ ચુકવણી ના ભાગ રૂપે સાતમા રાઉન્ડનું ચૂકવણું શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ 2023-24 દરમિયાન પશુપાલકોએ મંડળીઓમાં ભરાવેલ દૂધની રકમના 5% અંતિમભાવ રૂપે ચુકવણી કરવામાં આવી રહી છે. સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે જણાવ્યું કે, આ અંતિમ ભાવમાં કુલ

291 દૂધ મંડળી સાથે સંકળાયેલ 20561 જેટલા પશુપાલકોને 11 કરોડ 28 લાખ રૂપિયા અંતિમ ભાવ રૂપે મંડળીના દૂધ બિલમાં ચૂકવવામાં આવ્યા છે.

અત્યાર સુધીના કુલ7 રાઉન્ડમાં 779 દૂધ મંડળીના 60642 પશુપાલકોને 37 કરોડ 77 લાખ જેટલી માતબાર રકમ ચૂકવવામાં આવી છે તથા રક્ષાબંધન પર્વ પર આ મોટી ભેટ મળવાથી પશુપાલકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે.

**(અશરફ નથવાણી)**

---

## હવામાન

ગઈકાલે જિલ્લામાં ધૂપ-છાંયાના માહોલ વચ્ચે છ તાલુકામાં ઝરમર ઝાપટાં રૂપે વરસાદ વરસ્યો હતો. બંદરીય શહેર માંડવી આસપાસના વિસ્તારોમાં અડધો ઇંચ તો જિલ્લા મથક ભુજમાં જોરદાર ઝાપટા રૂપે મેઘમહેર વરસી હતી. લાંબા સમયથી સારા વરસાદની રાહ જોતાં બન્ની વિસ્તારના વિવિધ ગામોમાં પણ વરસેલાં ઝાપટાંએ પાછોતરો વરસાદ સારો વરસશે તેવી આશાને જાગૃત કરી છે. ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં સારો વરસાદ વરસે તેવા હવામાન નિષ્ણાતોના અનુમાન વચ્ચે હવામાન વિભાગે રાજસ્થાન નજીક સર્જાયેલા સાયકલોનિક સર્ક્યુલેશનની અસર તળે હળવા વરસાદનો દોર યથાવત્ રહેવાની આગાહી કરી છે, તો 21 તારીખ પછી વરસાદની તીવ્રતા અને વિસ્તારમાં પણ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

**(અશરફ નથવાણી)**

---